H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર- ૪ ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે-

મારૂ નામ :- સાલે સીધીક પિતા/પતિનુ નામ :- અબ્દુલ્લા સમા

ધર્મ :- ઈસ્લામ ધંધો :- ખેતમજુરી

ઉમર (આશરે) વર્ષ :- ૨૮

રહેવાનુ ગામ :- ધ્રોબાણા, તા. ભુજ જીલ્લો : કચ્છ

**સોગંદ આપ્યા.**

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એસ.એ. મહેશ્વરી</u>**

1. આજથી આશરે દોઢેક વર્ષ પહેલા પોલીસના બોલાવવાથી ઢંઢી ગામના સીમ વિસ્તારમાં બસ સ્ટેશન પાછળ સીમ વિસ્તારમાં ગયેલ ત્યારે મારી સાથે બીજા પંચ રશીદ અલાના સમા પણ હાજર હતા અને ત્યાં બે આરોપીઓને પોલીસ ` પકડેલ હતા જેમાં એકનું નામ અસલમ અભેરાજ સમા અને બીજો અલ્તા અભેરાજ સમા જે બન્ને ગામ- મોટા(ખાવડા), તા. ભુજના રહેવાસી હતા અને તેઓ પાસે એક હીરો કંપનીની બાઈક હતી અને આ બન્નેની અમારી હાજરીમાં પોલીસે જડતી લીધેલી અને અસલમ પાસે બે મોબાઈલ ફોન હતા અને અલ્તાફ પાસે એક મોબાઈલ ફોન હતો અને આ બન્ને મોબાઈલ પોલીસ ` કબજે કરેલા તથા હીરો હોન્ડા કંપનીની મો.સા કબજે કરેલી અને બન્ને આરોપીઓને પોલીસ અમારી સામે ખાવડા લઈ ગયેલી અને તે અંગેનું પોલીસે પંચનામું કરેલું.
2. મને માર્ક ૮/૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી અને પંચ નં. ૧ તરીકે રશીદ અલાના સમાની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક :૩૫** આપવામાં આવે છે.

---
**સાહેદની સહી**

3. મને ના.કોર્ટમાંથી મુદામાલ આર્ટીકલ નં. ૫ થી ૭ વાળા મોબાઈલ બતાવવામાં આવે છે તે તે જ છે જે ઓળખી બતાવું છું અને તેનીસ અંદરથી નીકળેલ પંચ સ્લીપોમાં પંચ નં. ૨ તરીકે મારી અને પંચ નં. ૧ તરીકે રશીદ અલાના સમા ની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક :૩૬ થી ૩૮** આપવામાં આવે છે.

**નોંધ:** આ કામે મુદામાલ આર્ટીકલ નં. ૮ વાળી મો.સા. ના.કોર્ટમાં રજુ થયેલ ન હોઈ સાહેદને બતાવી શકાય તેમ નથી.

**સરતપાસ પૂરી.**

**ઉલટ તપાસ :- આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.વી. ગઢવી**

4. એ વાત ખરી છે કે આંક- ૩૫ વાળા પંચનામાના મારી સાથેના પંચ રશીદ અલાના હાજી શકુર સમા મારા સગા મામા થાય છે. હું અનવર જુસબ અલારખીયા, ગામ- મોટા(ખાવડા), તા. ભુજ વાળાને ઓળખતો નથી. તે જ રીતે હું અબ્દુલ કરીમ ઓસમાણને પણ ઓળખતો નથી. મારી સામે આજદીન સુધી ચારથી પાંચ કેસો ખાવડા પો.સ્ટે.માં નોંધાયેલ છે. મજીદ ખેંગાર સમા, રહે. ધ્રોબાણા વાળાને હું ઓળખું છું તે મારા ફઈનો દીકરો થાય છે. એ વાત ખરી છે કે મજીદ અને અમારી સામે આઈપીસી કલમ- ૩૦૭ નો ગુનો નોંધાયેલ છે. એ વાત ખરીનથી કે મારી સામે છેડતીના પણ કેસો થયેલ છે. એ વાત ખરી છે કે મારી સામે ખાવડા પો.સ્ટે.માં મારામારીના વર્ષ- ૨૦૧૨ થી ૨૦૨૨ સુધી ચાર કેસો થયેલ છે. મને જયારે પોલીસે પંચ માટે બોલાવેલ ત્યારે પોલીસે મને ગુનાહીત ઈતીહાસ વિશે પુછેલ નહીં અને મેં પણ મારો ગુનાહીત ઈતીહાસ પોલીસને આપેલ નથી.

5. આ બન્ને આરોપીઓને અમારી હાજરીમાં સીમમાં પકડેલા. એ વાત ખરી

છે કે આ કામે રજુથયેલ ત્રણેય મોબાઈલના આઈએમઈઆઈ નંબર હું જાણતો નથી તેમજ આવા ત્રણેય મોબાઈલના આઈએમઈઆઈ નંબર મેં વાંચીને લખાવેલ નથી. આ મોબાઈલ કઈ કંપનીના છે તેની મેં તપાસ કરેલી તેમજ આ મોબાઈલ કઈ કંપનીની સેવા લે છે તેની મેં તપાસ કરેલ નથી તેમજ આ મોબાઈલ ચાલુ છે કે બંધ છે તે માટે આ ત્રણેય મોબાઈલ કોઈને ફોન લગાડીને ચેક કરેલ નથી. એ વાત ખરી છે કે આ મોબાઈલ ના સીલીંગ અને પેકીંગમાં કોઈ ઓથોરીટીના કયા સીલ વાપરવામાં આવેલ તેનો કોઈ ઉલલ ેદ પંચનામામાં કરવામાં આવેલ નથી તે જ રીતે સદર સીલની કોઈ છાપ પંચનામામાં પણ અમારી હાજરીમાં લગાડવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે મુદામાલ પાવતી મારી હાજરીમાં ફાડવામાં આવેલ નથી. એ વાત ખરીનથી કે આ મુદામાલ જે કબજે કરવામાં આવેલ તે પાવતીમાં મારી અને બીજા પંચની સહીઓ લેવામાં આવેલ નથી. એ વાત ખરીછે કે મને આંક–૪ વાળી મુદામાલ પાવતી બતાવવામાં આવે છે તેમાં મારી કે બીજા પંચની સહીઓ લેવામાં આવેલ નથી અને તેમાં બન્ને પંચોના નામ અને સહીના ખાનાઓ કોરા(બ્લેન્ક) છે.

6. અમો બન્ને પંચોને પોલીસે ઢંઢી ગામના બસ સ્ટેન્ડ પાસે બોલાવેલ હતા. અમે આ કાર્યવાહી કરી પોલીસ પાસેથી પાંચ વાગ્યે છુટા પડી ગયેલા. અમારી સાથે ચારથી પાંચ જમાદાર અને પીએસઆઈ વાઘેલા સાહેબ હતા. એ વાત ખરી છે કે અમોએ ચાર–પાંચ જમાદાર તેમજ પીએસઆઈ વાઘેલા કે તેમના વાહનની કોઈ જડતી–તપાસ લીધેલ નથી. એ વાત ખરી નથીકે અમો તથા અમારી સાથે બીજા પંચે પો.સ્ટે.માં બેસીને તૈયાર પંચનામામાં સહીઓ કરેલ છે. એ વાત ખરી નથી કે મુદામાલના કોઈ સીલંગ અને પેકીંગની કાર્યવાહી

---

**સાહેદની સહી**

અમારા રુબરુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે મરનાર અમારા સબંધી થતા હોવાથી તેને મદદ કરવા સોગંદ પર ખોટી જુબાની આપું છું.

**ઉ.ત. પુરી.**
**ફેરતપાસ નથી.**

ભુજ–કચ્છ.
તારીખ : ૨૭/૧૧/૨૦૨૪

**સાહેદની સહી**

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લ ેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

સાહેદની સહી